**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની યોજનાઓ / સેવાઓ ડીજીટલ સેવા સેતુ અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્રો મારફત એક દિવસમાં ઓનલાઇન પૂરી પાડવા બાબત.**

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**

ક્રમાંક : સશપ/૧૨૨૦૨૦/૩૯૩૪૦૪/અ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :૨૯/૦૯/૨૦૨૦

**<u>પ્રસ્તાવના -</u>**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિયંત્રણ હેઠળના પ્રભાગો દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અમલમાં છે. આ યોજનાઓ અને સેવાઓના અમલીકરણ માટે એક સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર તાલુકા સ્તરે તથા જિલ્લા સ્તરે અમલમાં છે. આવી યોજનાઓ / સેવાઓનો લાભ તાલુકા અને જિલ્લા મથકેથી અરજદારોને મળી રહે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને તાલુકા અથવા જિલ્લાકક્ષાની કચેરીઓ સુધી આવવું પડે છે. જેથી, ક્યારેક તેમની દૈનિક રોજગારી ઉપર વિપરીત અસર પડે છે. ઉપરાંત, જવા-આવવા માટે સમયનો વ્યય તથા પરિવહન ખર્ચનો વધારાનો બોજો પણ ઉભો થાય છે. બીજી તરફ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન અને લોકપયોગી બનાવવા માટે ઇ-ગ્રામ યોજના વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી અમલમાં મુકવામાં આવેલ છે અને ઇ-ગ્રામ કેન્દ્રો મારફત રાજ્ય સરકારની વિવિધ ઇ-સેવાઓ પણ અમલમાં છે. રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે ડીજીટલ ગુજરાત અંતર્ગત ડીજીટલ સેવા સેતુ કાર્યક્રમ પણ અમલમાં છે.

આથી, ગ્રામ્ય વિસ્તારના લોકોને અમુક પ્રમાણપત્રો તેમના ગામમાંથી જ ત્વરીત રીતે મળી રહે, યોજનાઓનો લાભ પણ તેમના ગામમાંથી જ મળી રહે અને તેઓને બિન જરૂરી હાલાકી ભોગવવી ન પડે અને જન સામાન્યની "જીવન જીવવાની સરળતા"(Ease of Living) નો રાજ્ય સરકારનો ઉમદા હેતુ બર આવે તે હેતુથી આ વિભાગની યોજનાઓ / સેવાઓ પણ ડીજીટલ ગુજરાત હેઠળ ડીજીટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફત માત્ર એક જ દિવસમાં (One Day Service) અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ –</u>

વિચારણાના અંતે, નીચે મુજબની યોજનાઓ / સેવાઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ ઉપરથી ડીજીટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફત માત્ર એક જ દિવસમાં (One Day Service) અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. નિયામક વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની યોજનાઓ / સેવાઓ**

(૧) વિચરતી-વિમુક્ત જાતિના પ્રમાણપત્રો
(૨) ધાર્મિક લઘુમતીના પ્રમાણપત્રો
(૩) ભાષાકીય લઘુમતીના પ્રમાણપત્રો
(૪) બિન અનામત વર્ગોના પ્રમાણપત્રો

**૨. નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની યોજનાઓ / સેવાઓ**

(૧) સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના
(૨) સમરસ છાત્રાલય પ્રવેશ

**૩. નિયામક સમાજ સુરક્ષા હસ્તકની યોજનાઓ / સેવાઓ**

(૧) સંત સુરદાસ યોજના (રાજ્ય સરકારની દિવ્યાંગ પેન્શન યોજના)
(૨) દિવ્યાંગ બસ પાસ યોજના

આવી યોજનાઓ / સેવાઓ ઇ-ગ્રામ કેન્દ્રો મારફત આપવા માટે સુનિશ્ચિત કાર્યપ્રણાલી (Standard operating procedure) પ્રત્યેક ખાતાના વડાઓને નિર્ધારીત કરેલ છે, તે આ સાથેના પરિશિષ્ટ નં. ૧, ૨, ૨.૧, ૩, અને ૩.૧ સામેલ છે.

ઉપર મુજબની સેવાઓ, સેવા દીઠ રૂ.૨૦/- (અંકે રૂ. વીસ પુરા) લેખે પૂરી પાડવામાં આવશે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક - VCE દ્વારા વસુલ કરવામાં આવનાર રૂ.૨૦/-ની આંતરિક વહેંચણી નીચેના કોષ્ટક મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-VCE ની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂ.૧૬/- |
| ૨ | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂ.૦૪/- |
| | **કુલ** | **રૂ.૨૦/-** |

વધુમાં, નિર્ધારિત કરેલ સેવાઓ પૈકી જે સેવામાં અરજદાર ટપાલ મારફતે પ્રમાણપત્ર મેળવવા ઇચ્છતા હોય તો પોસ્ટેજ ખર્ચની ખરેખર રકમ ઉપરોક્ત રૂ.૨૦/- ઉપરાંત ઇ-ગ્રામ કેન્દ્ર ખાતે જમા કરવાવાની રહેશે.

ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી આ સેવા ઉપલબ્ધ હોવા ઉપરાંત અરજદાર તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી, જન સેવા કેન્દ્રો કે એટીવીટી કેન્દ્રો ખાતેથી સીધી જ આવી સેવાઓ મેળવવા ઇચ્છતા હોય તો તે માટે જે તે સત્તાધિકારી ઇન્કાર કરી શકશે નહીં. આ પધ્ધતિ ગ્રામ્ય સ્તરે વસતા અરજદારોની હાલાકી દૂર કરવા માટે અખત્યાર કરવામાં આવેલ છે. છતાં, તાકીદના સંજોગોમાં અરજદાર આ સેવાનો લાભ કોઇપણ સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી શકે છે. સદર બાબતે સબંધિત યોજનાઓના વખતોવખતના ઠરાવો, સૂચનાઓ તથા પરિપત્રો યથાવત રહેશે, તેમાં આ પધ્ધતિ અપનાવવાથી કોઇ બાધ આવતો નથી.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગની તા.૨૮/૦૯/૨૦૨૦ ની તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૨૯/૦૯/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એચ. જી. ભાભોર)**
**સંયુક્ત સચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**નકલ રવાના**

૧. માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. માન.રા.ક. મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
૯. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
૧૦. અધિક મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો.
૧૧. વિભાગના તમામ સંયુક્ત સચિવ / નાયબ સચિવ / ઉપ સચિવશ્રી.
૧૨. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
૧૩. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, અનુસૂચિત જાતિ કલ્યાણ, સમાજ સુરક્ષા ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૪. તમામ જિલ્લા કલેકટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
૧૫. તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
૧૬. વિભાગ હેઠળના તમામ જિલ્લા અધિકારીઓ (સંબંધિત નિયામકશ્રી મારફત)
૧૭. કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાના હેતુસર.
૧૮. National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૧૯. શાખા સિલેકટ ફાઇલ.
૨૦. નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ.

--------

* પત્ર દ્વારા .